વાહન વ્યવહાર કમિશનર સાહેબ એક નજર ઈધર ભી ..!!

સાબરકાંઠા આરટીઓ કચેરીમાં લાખો રૂપિયાના બુલેટ ધુળ ખાય છે !

સાબરકાંઠા જિલ્લામાં ઝડપી અને અસરકારક પેટ્રોલિંગ માટે ૧ વર્ષ અગાઉ બુલેટની ફાળવણી કરાઈ હતી, ૧ વર્ષમાં માત્ર ૧૩૦ કિલોમીટર

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૦૬ હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લાના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં આરટીઓ કચેરીના કર્મચારીઓ દ્વારા અસરકારક અને ઝડપી પેટ્રોલિંગ કરી શકાય એ માટે રાજ્ય સરકાર દ્વારા ૧ વર્ષ અગાઉ સાબરકાંઠા જિલ્લાની આરટીઓ વિભાગને લાખો રૂપિયાના િહકૈંદ્ઘદ્ઘ િહકૈંદ્ઘદ્ઘ બુલેટની ફાળવણી કરવામાં આવી હતી પરંતુ રાજ્ય સરકાર દ્વારા ફાળવવામાં આવેલા લાખો રૂપિયાના બુલેટ આરટીઓ કચેરીમાં ધૂળ ખાતા નજરે પડી રહ્યા છે સાબરકાંઠા જિલ્લાની આરટીઓ કચેરીમાં મલાઈદાર શાખામાં ફરજ બજાવતા પ્રજાના પૈસે જાહો જલાલીમા આળોટતા અને એસી ગાડીમાં ફરવા માટે ટેવાયેલા અધિકારીઓ બુલેટ સામે જોવાની પણ તસ્દી લેતા નથી.

એસી ગાડીમાં ફરવા માટે ટેવાયેલા અધિકારીઓ બુલેટ સામે જોવાની પણ તસ્દી લેતા નથી

ત્યારે આરટીઓ વિભાગ દ્વારા લાખો રૂપિયાના બુલેટ ની જાળવણી કરવા માટે પણ સમય ન હોય તેવું પ્રતિત થઈ રહ્યું છે આરટીઓ કચેરી દ્વારા ઝડપી અને અસરકારક પેટ્રોલિંગ કરી શકાય તે હેતુસર આપવામાં આવેલા લાખો રૂપિયાના બુલેટ એક વર્ષમાં માત્ર ૧૩૦ કિલોમીટર જ કર્યા છે ત્યારે સરકારી તંત્ર દ્વારા ફાળવવામાં આવેલા લાખો રૂપિયાના બુલેટ નો ખર્ચ આરટીઓ કચેરીના બેદરકારી ભર્યા વહીવટને કારણે અત્યારે પાણીમાં વેડફાઈ રહ્યો હોય તેમ જણાઈ રહ્યું છે આરટીઓ કચેરીમાં લાખો રૂપિયાના ન્યુ બ્રાન્ડ બુલેટ ધૂળ ખાતા નજરે પડતાં બુલેટ પ્રેમીઓમાં પણ નારાજગી નો માહોલ જોવા મળી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે , ગતરોજ શુક્રવારે અરવલ્લી જિલ્લાની આરટીઓ કચેરી ખાતે વાહન વ્યવહાર કમિશનર રાજેશ મંજાતીએ ઓચિંતી રેડ કરી આરટીઓ વિભાગમાં ચાલતી લાલિયાવાડીનો પર્દાફાશ કર્યો હતો અને ૧૩થી ૧૪ બિન અધિકૃત એજન્ટોની વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી ત્યારે વાહન વ્યવહાર કમિશનર દ્વારા સાબરકાંઠા જિલ્લાના વડામથક ખાતે આવેલી આરટીઓ કચેરીની મુલાકાત લેવામાં આવે તો આરટીઓ કચેરીમાં હડકંપ મચી જાય તેમ છે ધર્મજ જિલ્લાકક્ષાની આરટીઓ કચેરીમાં ચાલતા અણધડ વહીવટને પણ ઉજાગર કરી શકાય તેમ છે.

લાખો રૂપિયાના ન્યુ બ્રાન્ડ બુલેટ ધૂળ ખાતા નજરે પડતાં બુલેટ પ્રેમીઓમાં પણ નારાજગીનો માહોલ

હિંમતનગરના સહકારી જીન વિસ્તારમાં આવેલી સત્યમ સેલ્સ નામની દુકાનમાં તસ્કરો ત્રાટક્યા

ચોરીની સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થતા પોલીસે સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે તપાસ હાથ ધરી

હિંમતનગર તા.૦૬

હિંમતનગર શહેરના સહકારી જીન વિસ્તારમાં આવેલી સત્યમ સેલ્સ નામની દુકાનમાંથી ગત રોજ શુક્રવારે મોડી રાત્રિએ બે મોબાઈલ સહિત રૂપિયા ૪૫ હજારની એસેસરીઝની ચોરી કરતાં તસ્કરો સીસીટીવી કેમેરામાં કેદ થઈ જતા દુકાન માલિકે હિંમતનગર એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા તસ્કરો વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હિંમતનગર શહેરના હાર્દ સમા સહકારી જીન વિસ્તારમાં આવેલી સત્યમ સેલ્સ નામની દુકાનમાં ગતરોજ શુક્રવારે મોડી

રાત્રિ દરમિયાન તસ્કરોએ ધામા નાખ્યા હતા અને તસ્કરોએ દુકાનના શટર નું તાળું તોડી અંદર પ્રવેશ કરી બે મોબાઈલ સહિત રૂ ૪૫૦૦૦/- ની એસેસરીઝની ચોરી કરી રફુચક્કર થઈ ગયા હતા વહેલી સવારે દુકાનના માલિક ને ચોરીની ઘટના અંગે જાણ થતા દુકાનમાં લગાડેલ સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસવામાં આવ્યા હતા જેમાં ચોરીની સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થયેલી જોવા મળી હતી જેને પગલે દુકાન માલિકે હિંમતનગર એ ડિવિઝન પોલીસ મથકે જાણ કરતાં પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી.

મોડી રાત્રિએ દુકાન માં થયેલ રૂપિયા ૪૫ હજારની ચોરી અંગે દુકાનના માલિકે ફરિયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે તસ્કરોને ઝડપી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે

બીએસએનએલ કસ્ટમર કેરમાંથી બોલું છું તેમ કહી ઓટીપી સહિત બેંકની માહિતી માગી છેતરપિંડી

હિંમતનગરના મહેતાપુરાના બ્રહમાણીનગરના દરજી સમાજવાડી પાસેના રહીશ હસમુખકુમાર ડાહયાભાઈ પટેલને મંગળવારના રોજ મો. ૮૯૧૮૮ ૩૫૧૧૩ પરથી અજાણ્યા શખ્સે તેમના મો.નં. ૮૧૦૭૫૪૬૦૩૭ ઉપર ફોન કરી હું બીએસએનએલ કસ્ટમર કેરમાંથી બોલું છું તેમ કહી વાતની શરૂઆત કરી વિશ્વાસમાં લઈ તમારૂ બીએસએનએલનું કાર્ડ બંધ થાય છે તમારે ૧૦ થી ૫૦નું ઓનલાઈન રીચાર્જ કરવું પડશે. તેમ કહી કવીક સપોર્ટ નામની લીંક મોકલી જેમાં એકાઉન્ટ નંબર, સીઆઈએફ નંબર, બ્રાન્ચ કોડ નંબર સહિત ઓટીપી નંબર મેળવી લઈ તેમના ઈડર-હિંમતનગરના સ્ટેટ બેંકના ખાતામાંથી ઓનલાઈન નેટબેંકીંગથી રૂ.૯૫૦૦૦/- ઉપાડી લીધા હતા.

કમલેશ પટેલની પેનલને વ્યાપક આવકાર

મોડાસા નાગરિક બેંકનો ચૂંટણી જંગ, ''વાઘ''ની નાગરિક પેનલ જીતશે

બાયડ, તા. ૬

ધી મોડાસા નાગરીક સહકારી બેંકની તા. ૧૪ માર્ચના રોજ ચૂંટણી યોજાવાની છે ત્યારે બેંકના ચૂંટણી જંગમાં કમલેશ શંકરભાઈ પટેલ અને તેમની પેનલને વ્યાપક આવકાર મળતાં બેંકના જંગમાં વાઘના ચિન્હ સાથે લડતી નાગરીક પેનલ મેદાન મારશે તેવુ મતદારો જણાવી રહ્યા છે.

સ્વચ્છ પ્રતિભા, પારદર્શક વહીવટથી સમગ્ર શહેરમાં ખ્યાતિ મેળવનાર જાણીતા બિલ્ડર કમલેશ પટેલ અને તેમની ટીમે નાગરીક પેનલના નેજા હેઠળ જંગમાં ઝંપલાવતાં ચૂંટણી જંગ એક તરફી દેખાઈ રહ્યો છે. નાગરીક પેનલના તમામ ઉમેદવારોને જે આવકાર મળી રહ્યો છે તે જોતાં તેમના વિજય રથને અટકાવવો અસંભવ દેખાય છે. તા. ૧૪ માર્ચ રવિવારે મોડાસાની કલરવ સ્કૂલમાં સવારે ૮ થી ૬.૦૦ દરમ્યાન મતદાન યોજાશે.

ભાજપાનો ભવ્ય વિજય : બાયડ પાલિકામાં સ્નેહલ પટેલની સાદગીથી ''મત બેન્ક'' છલકાઈ

બાયડ, તા. ૬

બાયડ નગરપાલિકામાં કોંગ્રેસનો અસ્ત અને ભાજપાનો ઉદય થયો છે. બાયડ શહેર સંગઠન પ્રમુખ સ્નેહલભાઈ જગદીશભાઈ પટેલનો સરળ સ્વભાવ, સાદગી તમામ મતદારોને અસર કરી ગઈ જેના કારણે ભાજપાનો ૧૭ બેઠક સાથે ભવ્ય વિજય થયો હતો.

રાજકીય પંડીતો બાયડ પાલિકાના ચૂંટણી જંગમાં કોન ફતેહ મેળવશે તે નક્કી કરી શક્યા ન હતા. કોંગ્રેસમાં ૩૦-૩૦ વર્ષના અનુભવીઓ મેદાનમાં ઉતર્યા ત્યારે ભાજપા દ્વારા બાયડ પાલિકામાં

સંગઠન પ્રમુખ સ્નેહલભાઈ પટેલના વડપણ હેઠળ યુવાઓની ટીમને મેદાનમાં ઉતારવામાં આવી. સ્નેહલ પટેલ દ્વારા નમ્રતાપૂર્વક તમામ વોર્ડમાં જઈ ભાજપા માટે મત માંગ્યા, ક્યાંય પણ વિવેક ચૂકયા નહી. જેના કારણે ભાજપાની મતબેન્ક મતદારોએ છલકાવી દીધી. સ્નેહલભાઈ પટેલ વિજયનો યશ મતદારો અને પ્રજાને આપવાની સાથે પાંચ વર્ષ દરમ્યાન પ્રજાભિમુખ પારદર્શક વહીવટ કરવાની નેમ વ્યકત કરી છે. બાયડના મતદારોએ ભાજપાને ભવ્ય વિજય અપાવતાં સંગઠન વતી પણ આભાર માન્યો છે.

ચિઠોડા નજીક બીલડીયા વિસ્તારમાં

જુસાવાડા ગામની સીમમાં ખેડૂતના ખેતરે ચોર સોલાર પ્લાન્ટ મોટરનો કેબલ કાપી ગયા

હિંમતનગર, તા.૦૬

વિજયનગર તાલુકાના ચિઠોડા નજીક બીલડીયા વિસ્તારમાં જુસાવાડા ગામની સીમમાં ખેડૂતના ખેતરે ચોર સોલાર પ્લાન્ટ મોટરનો કેબલ કાપી ગયા હતા.રૂ.પાંચ હજારનો કેબલ અને રૂ.ચાર હજારની એચ.ડી.પી.ઈ. પાઈપ કાપી જતા બન્ને મળી રૂ.૯૦૦૦ના નુકસાનની ફરિયાદ આ ખેડૂતે ચિઠોડા પોલીસ મથકે નોંધવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

ચિઠોડા વિસ્તારમાં જુસાવાડાના રહીશ ખેડૂત ખીમજીભાઈ સાંજાજી અસારીએ ચિઠોડા પોલીસ મથકે નોંધાવેલ ફરિયાદ મુજબ આ ખેડૂતે પોતાની માલીકીના ખેતરમાં બોર કુવો કરી તેની નજીકમાં કોટ બનાવી તેની અંદર સોલાર પ્લાન્ટ ફીટ કરી બોર કુવામાં મોટર ઉતારેલ હોઈ જે સોલાર પ્લાન્ટના બોર્ડથી મોટર સુધીનો સોલાર કંપીનીનો ૨૦૦ ફુટ જેટલો કેબલ વાયર કિ.રૂ. ૫૦૦૦/- નો કોઈ ઈસમ ખેતરમાં પ્રવેશ કરી ચોરી કરી લઈ જઈ તથા તેની સાથેનો નાખી આશરે કિ. રૂ. ૪૦૦૦/- જેટલુ નુકસાન મળી રૂ.૯૦૦૦/- ની મત્તા ચોરી કરી ગુન્હો આચરતા પોલીસે અજાણ્યા ચોર ઈસમો સામે ગુનો નોંધી અ.હે.કો. સંજયભાઈ રૂપાજીએ તપાસ હાથ ધરી છે.

બાયડ પાલિકામાં ભાજપાનું શાસન આવતાં 'ફાઈલો'ની હેરાફેરી વધી

ઈન્ચાર્જ ચીફ ઓફિસરની શંકાસ્પદ કામગીરી : ચૂંટણી પરીણામના દિવસે ચીફ ઓફિસરે કોને મોબાઈલ કર્યો !!

બાયડ, તા. ૬

બાયડ પાલિકામાં ભાજપાની સ્પષ્ટ બહુમતી સાથેનું શાસન આવતાં ભ્રષ્ટ ટોળકીમાં હડકંપ મચ્યો છે. છેલ્લા ૨ દિવસથી બાયડ પાલિકામાંથી ફાઈલોની હેરાફેરી વધતાં આ ઘટના સમગ્ર નગરમાં ટોક ઓફ ધ ટાઉન બની છે. બાયડ પાલિકાના ઈન્ચાર્જ ચીફ ઓફિસરની શંકાસ્પદ કામગીરીના આક્ષેપ પણ થયા છે. તા. ૨ માર્ચે બાયડ પાલિકાની મતગણતરી હતી ત્યારે ચીફ ઓફિસરે વારંવાર કોને ફોન કર્યા !! આ બાબત સામે આવતાં મુખ્ય ચૂંટણી અધિકારીને આ અંગે ટૂંકમાં લેખીત ફરીયાદ થઈ શકે છે.

સત્તા મળે તો છકી ન જવુ, અને ગુમાવીએ તો દુઃખ ન કરવુ. પરંતુ કેટલાકને તો સત્તા જાય એટલે બધુ રાજપાટ લૂંટાયા જેવુ વાતાવરણ ઉભુ કર્યુ છે. બાયડ પાલિકાના મતદારોએ ભાજપાને સત્તાનું સુકાન આપ્યા પછી હવે ભાજપાના દરેક નગર સેવકો માટે પ્રજાની અપેક્ષા ઉપર ખરા ઉતરવાનો પ્રયાસ કરવો પડશે. ભાજપાનું શાસન આવતાં છેલ્લા ૨ દિવસથી બાયડ પાલિકામાં ફાઈલોની હેરાફેરી વધી છે. પાલિકામાં ઈન્ચાર્જ ઓફિસર છે તો પછી ફાઈલ હેરાફેરી કરવાનો મતલબ શું !! બાયડ પાલિકામાં સીસી ટીવી કેમેરા બંધ હાલતમાં છે. માત્ર એક જ કર્મચારીની કાયમી નિયુક્તી છે. આ સંજોગોમાં કોઈ ફાઈલો અદૃશ્ય થઈ જાય તો જવાબદારી કોની !!

ભૂસ્તર વિભાગ દ્વારા ૧૨.૮૦ લાખ દંડ વસુલાયો

બનાસકાંઠા ભૂસ્તર વિભાગ દ્વારા ગૂંદરી ચેક પોસ્ટ પરથી ખનિજ ચોરી કરતા ત્રણ ટ્રેલરને ઝડપી લઈ રૂ.૧.૨૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી ૧૨.૮૦ લાખ દંડ વસુલવામાં આવતા ભૂમાફીયાઓમાં ફફડાટ પ્રસરી ગયો છે. રાજસ્થાન તેમજ હરીયાણા રાજ્યમાંથી રોયલ્ટી પાસ વગર સેલપાસ ખનિજ ભરી ગુજરાતમાં આવતા હોવાની ભૂસ્તર વિભાગને બાતમી મળતા સુભાષ જોષીની સુચનાથી સ્ટાફ દ્વારા ગૂંદરી ચેક પોસ્ટ ઉપર ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતુ.જેથી સેલપાસ ખનિજ ભરી આવી રહેલા ત્રણ ટ્રેલરને રોકાવી તેમની પાસે રોયલ્ટી પાસની માગણી કરતા રોયલ્ટી પાસ ન હોવાથી ગેરકાયદેસર ખનિજનું વહન કરતા હોવાનું જાણવા મળ્યુ હતુ.જેથી ભૂસ્તર શાખા રૂ.૧.૨૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી પાંથાવાડા પોલીસ સ્ટેશન ખાતે મુકાવી તેમની પાસેથી રૂ.૧૨.૮૦ લાખ દંડ વસુલવામાં આવ્યો હતો.

નહેરૂ યુવા કેન્દ્ર
મોડાસા (અરવલ્લી)
રાષ્ટ્રીય યુવા કાર્યકર તરીકે જોડાવવાની તક અરજીઓ મંગાવવામાં આવે છે
અરવલ્લી જીલ્લામાં રાષ્ટ્રીય યુવા કાર્યકર (NYV) તરીકે જોડાવા માટે અરજીઓ મંગાવવામાં આવે છે.
- સાબરકાંઠા જીલ્લાના યુવક-યુવતીઓ કે જેઓ ૦૧.૦૪.૨૦૨૧ના રોજ ૧૮ થી ૨૯ વર્ષની ઉંમર ધરાવતા તેઓ અરજી કરી શકે છે.
- આ માટે માસિક માનદ્ વેતન રૂ. ૫૦૦૦/- ચૂકવવામાં આવશે.
- કાર્યકરોએ આરોગ્ય, સાક્ષરતા,સ્વચ્છતા, જાતીય સમાનતા,ડીજીટલ ઈન્ડિયા, યુવા પ્રવૃત્તિ, સામાજિક ઉત્થાન, રમત-ગમત સ્વચ્છતા અભિયાન, અન્ય સામાજિક વિષયો અંતર્ગત કાર્ય કરવાનું રહેશે.
- લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધોરણ-૧૦ (એસ.એસ.સી) પાસ રહેશે. સ્નાતક અને કોમ્પ્યુટરના જાણકાર તથા ને.યુ.કે. સાથે સંલગ્ન યુવક/ મહિલા મંડળના ઉમેદવારોને અગ્રતા આપવામાં આવશે.
- ઓન લાઈન અરજીપત્ર તા. ૧૮.૦૩.૨૦૨૧ સુધીમાં અમારી વેબ સાઈટ www.nyks.nic.in પર ભરવાનું રહેશે તથા તેની પ્રિન્ટ સાથે જરૂરી પ્રમાણપત્રની નકલ બીડાણ કરી અત્રેની કચેરીને નીચેના સરનામે મોકલવાની રહેશે.
- અરજદાર જે તાલુકા માટે અરજી કરે તે જ તાલુકાનો વતની હોવો જરૂરી છે.
- અરજદાર જે તાલુકા માટે અરજી કરે તે જ તાલુકાનો વતની હોવો જરૂરી છે.
- આ વોલન્ટરી સેવા છે તથા પસંદ થયેથી કાયમી રોજગારીનો દાવો કરવાનો પણ અધિકાર રહેશે નહિ.

વધુ માહિતી માટે સંપર્ક કરો
જિલ્લા યુવા અધિકારી, નેહરૂ યુવા કેન્દ્ર
બ્લોક-સી, બીજો માળ, સરકારી બહુમાળી ભવન, હિંમતનગર,
ફોન નં.૦૨૭૭૨-૨૪૧૬૧૪, મોબાઇલ નં. ૯૮૨૪૯૭૯૩૭૧

સાબરકાંઠા અરવલ્લી બ્લેક ટ્રેપ ટ્રક ટ્રાન્સપોર્ટેશનની હડતાળ પૂર્ણ

સાબરકાંઠા અરવલ્લી બ્લેક ટ્રેપ ટ્રક ટ્રાન્સપોર્ટેશન ની હડતાળ પૂર્ણ થઈ છે સર્વ સંમતિથી એક ટન દીઠ ૭૦ રૂપિયા નો વધારો કરાયો છે સાબરકાંઠા અરવલ્લી કપડવંજ બ્લેક ટ્રેપ ટ્રક ટ્રાન્સપોર્ટેશન દ્વારા અચોકસ મુદત સુધી હડતાળ પાડવામાં આવી હતી ટ્રાન્સપોર્ટેશન ટ્રક જેવો કપચી રેતી માટી નું કામ કરતા ટ્રક માલિકો એ તેમની ગાડી ના પૈડા અચોકસ મુદત સુધી થંભાવી દીધા હતા ડીઝલ ના ભાવ વધતાં હડતાળ પડાઈ હતી હાલ એ હડતાળ પૂર્ણ થઈ છે અત્યારે ની પરિસ્થિતિ ધ્યાનમાં લેતા ડીઝલનો ભાવ ડીઝલનો ભાવ ૮૯ રૂપિયા ની આસપાસ પોચવા આવ્યો છે જેમાં મીટીંગ નુંઆયોજન કરવામાં આવ્યું હતું જેમાં ટન દીઠ ૭૦ રૂપિયા વધારવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ને ગાડી એસોસિએશન દ્વારા ગાડીઓ શરૂ કરવામાં આવી છે.

આકરૂંદ જિલ્લા પંચાયત ચૂંટણી જંગમાં ભાજપાનો ભવ્ય વિજય

બાયડ, તા. ૬

અરવલ્લી જિલ્લા પંચાયતની ૦૧ આકરૂન્દ જિલ્લા પંચાયત બેઠક ઉપર ભાજપાના જિલ્લાના સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી જંગમાં ભાજપાનું બુલડોઝર ફરી વળ્યુ છે. આકરૂન્દ જિલ્લા પંચાયત બેઠક ઉપર ભાજપા- કાર્યકરોમાં ખુશાલી જોવા મળી. કાળીબેન રબારીના જીતના યશભાગી આકરૂન્દ ગ્રામ પંચાયતના ઉપ સરપંચ દિનેશભાઈ

ઉમેદવાર કાળીબેન કાળાભાઈ રબારી ૩૨૪૦ મતની જંગી લીડથી જીત મેળવતાં ભાજપા, કાર્યકરો, સમર્થકોએ જીતની ખુશાલી મનાવી છે. કોંગ્રેસ વચ્ચે ખરાખરીનો જંગ જામ્યો હતો. તા. ૨ માર્ચના રોજ પરીણામ જાહેર થતાં ભાજપાના મહીલા ઉમેદવારનો ભવ્ય વિજય થતાં સમગ્ર પંથકના ભાજપા પટેલ, તાલુકા ભાજપા પૂર્વ સંગઠન મહામંત્રી વિનોદભાઈ પટેલ સહીત વર્તમાન સંગઠન હોદ્દેદારોએ ઉઠાવેલી જહેમતની જિલ્લા ભાજપા સંગઠને નોંધ લીધી હતી.

નહેરૂ યુવા કેન્દ્ર
હિંમતનગર (સાબરકાંઠા)
રાષ્ટ્રીય યુવા કાર્યકર તરીકે જોડાવવાની તક અરજીઓ મંગાવવામાં આવે છે
સાબરકાંઠા જીલ્લામાં રાષ્ટ્રીય યુવા કાર્યકર (NYV) તરીકે જોડાવા માટે અરજીઓ મંગાવવામાં આવે છે.
- સાબરકાંઠા જીલ્લાના યુવક-યુવતીઓ કે જેઓ ૦૧.૦૪.૨૦૨૧ ના રોજ ૧૮ થી ૨૯ વર્ષની ઉંમર ધરાવતા તેઓ અરજી કરી શકે છે.
- આ માટે માસિક માનદ્ વેતન રૂ. ૫૦૦૦/- ચૂકવવામાં આવશે.
- કાર્યકરોએ આરોગ્ય, સાક્ષરતા,સ્વચ્છતા, જાતીય સમાનતા,ડીજીટલ ઈન્ડિયા, યુવા પ્રવૃત્તિ,સામાજિક ઉત્થાન,રમત-ગમત સ્વચ્છતા અભિયાન, અન્ય સામાજિક વિષયો અંતર્ગત કાર્ય કરવાનું.
- લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધોરણ-૧૦ (એસ.એસ.સી) પાસ રહેશે. સ્નાતક અને કોમ્પ્યુટરના જાણકાર તથા ને.યુ.કે. સાથે સંલગ્ન યુવક/ મહિલા મંડળના ઉમેદવારોને અગ્રતા આપવામાં આવશે.
- ઓન લાઈન અરજીપત્ર તા. ૧૮.૦૩.૨૦૨૧ સુધીમાં અમારી વેબ સાઈટ www.nyks.nic.in પર ભરવાનું રહેશે તથા તેની પ્રિન્ટ સાથે જરૂરી પ્રમાણપત્રની નકલ બીડાણ કરી અત્રેની કચેરીને નીચેના સરનામે મોકલવાની રહેશે.
- અરજદાર જે તાલુકા માટે અરજી કરે તે જ તાલુકાનો વતની હોવો જરૂરી છે.
- અરજદાર જે તાલુકા માટે અરજી કરે તે જ તાલુકાનો વતની હોવો જરૂરી છે.
- આ વોલન્ટરી સેવા છે તથા પસંદ થયેથી કાયમી રોજગારીનો દાવો કરવાનો પણ અધિકાર રહેશે નહિ.

વધુ માહિતી માટે સંપર્ક કરો
જિલ્લા યુવા અધિકારી, નેહરૂ યુવા કેન્દ્ર
બ્લોક-સી, બીજો માળ, સરકારી બહુમાળી ભવન, હિંમતનગર,
ફોન નં.૦૨૭૭૨-૨૪૧૬૧૪, મોબાઇલ નં. ૯૮૨૪૯૭૯૩૭૧